Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૨–૧–૨૦૧૫**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા.૧૨–૧–૨૦૧૫ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૨–૧–૨૦૧૫ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ. ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૦. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૮. | ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૧૯. | ડૉ.ધનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૨. સાઉથ ગુજરાત કોલેજ મેનેજમેન્ટ એસોસિએશન, સુરતના પ્રમુખ, શ્રી રવિન્દ્ર ન. વેપારીના તા.૦૯–૧૦–૨૦૧૪ના બિડાણ સહિતના પત્રાંકઃ **SGCMAS** થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પ્રશ્નોનું નિરાકરણ અંગેના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે એશોસિએશનના સભ્યોને રૂબરૂ ચર્ચા માટે બોલાવવા અને ડૉ.ઘનશ્યામભાઈ રાવલની સમિતિને સદર બાબત રિફર કરવી.**

**વધુમાં વિવિધ સંસ્થાઓના ગ્રેડીંગ માટે ચર્ચા કરવા તમામ ડીનશ્રીઓને સમિતિમાં સામેલ કરવા તથા ડૉ. અપૂર્વ એ. દેસાઈ અને શ્રી પરેશભાઈ પટેલનો પણ સમિતિમાં સમાવેશ કરવો.**

૩. સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ કોલેજ મેનેજમેન્ટસ એસોસિએશન , સુરતના અધ્યક્ષ અને મંત્રીની સંયુકત સહીથી માનનીય કુલપતિશ્રીને સંબોધીને મોકલેલ તા. ૦૩–૧૨–૨૦૧૪ના પત્રમાં જણાવ્યાનુસાર ૦૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના 'સંદેશ' વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચારમાં જણાવ્યા પ્રમાણે આગામી સિન્ડિકેટની બેઠકમાં પીએચ.ડી. કે નેટ સ્લેટ વિહોણા અધ્યાપકોને રાહત આપવાનો મુદ્દો ચર્ચામાં આવનાર છે. આ સંદર્ભમાં અમે આપને અગાઉ પણ રજૂઆત કરી હતી કે શરતી નિમણૂંક બાબતે અધ્યાપકોને પહેલા પાંચ વર્ષમાં પીએચ.ડી. પૂર્ણ કરવાની શરતે નિમણૂંક આપવામાં આવી હતી. ત્યારબાદ આ મુદત યુનિવર્સિટીએ મનસ્વી રીતે બદલીને આઠ વર્ષ કરી નાંખી છે જે યુ.જી.સી.ના પ્રવર્તમાન નિયમોથી વિપરીત છે અને આપશ્રીને આ પત્ર દ્વારા નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ કે આ બાબતમાં યુ.જી.સી.ના નિયમોનું જ સંપૂર્ણપણે પાલન થાય અને સ્વનિર્ભર કોલેજોના અધ્યાપકો વિષે જો કોઈ નિર્ણય લેવાનો હોય તો કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ અમારા એસોસિએશનને પણ સાંભળવાની તક મળવી જોઈએ. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને સ્વનિર્ભર કોલેજોને કોઈ નુકશાન ન પહોંચે એ ધ્યાનમાં રાખી નિર્ણય લેવા તા. ૦૩–૧૨–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે એશોસિએશનના સભ્યોને રૂબરૂ ચર્ચા માટે બોલાવવા અને ડૉ.ઘનશ્યામભાઈ રાવલની સમિતિને સદર બાબત રિફર કરવી.**

**વધુમાં વિવિધ સંસ્થાઓના ગ્રેડીંગ માટે ચર્ચા કરવા તમામ ડીનશ્રીઓને સમિતિમાં સામેલ કરવા તથા ડૉ. અપૂર્વ એ. દેસાઈ અને શ્રી પરેશભાઈ પટેલનો પણ સમિતિમાં સમાવેશ કરવો.**

૪. સેન્ટર ફોર સોશ્યિલ સ્ટડિઝ, સુરતને એપ્રૂવ્ડ ઈન્સ્ટિટયૂટ તરીકે માન્યતા આપવા અંગેની સમિતિ પર માનનીય કુલપતિશ્રીએ નિમણૂંક કરેલ સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ની બાબત ક્રમાંકઃ (૨૦૮) અન્વયે, ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી નું પાલન કરવાની શરતે રિસર્ચ સેન્ટરને મંજૂરી આપવી એમ ઠરાવેલ છે. સદર સેન્ટરના સત્યકામ જોષીએ તેમના તા.૨૮–૧૧–૨૦૧૪ ના પત્રથી ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી ની કલમ રદ કરીને અગાઉ જે રીતે સેન્ટરને એપ્રૂવલ સંસ્થા તરીકેનો જે દરજજો હતો તે પ્રમાણે માન્યતા આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

(૧) સિન્ડિકેટની તા. ૩–૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ (૨૦૮) નીચે મુજબ ઠરાવેલ હતું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ સેન્ટરે યુનિવર્સિટીના ધારાધોરણોનું પાલન કરવાની શરતે તથા O.69 A તથા B નું પાલન કરવાની શરતે રિસર્ચ સેન્ટરને માન્યતા આપવી.

વધુમાં ઠરાવામાં આવે છે કે, સ્થાનિક તપાસ સમિતિએ સુચવેલ તમામ શરતોનું પરિપાલન કરવાની શરતે માન્યતા આપવી.

(૨) સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ (૨૦૮) ને સિન્ડિકેટની તા.૨૨–૨–૨૦૧૪ની સભામાં નીચે મુજબ સુધારી સદર કાર્યવાહીને બહાલી આપવામાં આવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝને યુનિવર્સિટીના ધારાધોરણોનું પાલન કરવાની શરતે રિસર્ચ સેન્ટરની માન્યતા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસ સમિતિએ સુચવેલ તમામ શરતોનું પરિપાલન કરવાની શરતે માન્યતા આપવી.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટર ફોર સોશ્યિલ સ્ટડિઝ, સુરતને એપ્રૂવ્ડ ઈન્સ્ટિટયૂટ તરીકે રિસ્ટોર (પુનઃસ્થાપિત) કરવું.**

૫. સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત (૧) સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ, ટી.એન્ડ ટી. વી. સાર્વજનિક હાઈસ્કૂલ કેમ્પસ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ (સ્વનિર્ભર) (૨) એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરતમાં (અનુદાનપાત્ર) આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ –૨૦૧૬થી એમ.ટી.બી. કોલેજ ઓફ આર્ટસ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા.૧૮–૧૦–૨૦૧૪ તથા તા.૨૬–૧૧–૨૦૧૪ના પત્રોથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** : (૧) સદર કોલેજે મર્જર અંગેની ફી રૂા.૧,૧૦,૦૦૦/– તથા લેઈટ ફી રૂા.૫૦,૦૦૦/– હિસાબી વિભાગમાં જમા કરાવેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત (૧) સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસ, ટી.એન્ડ ટી. વી. સાર્વજનિક હાઈસ્કૂલ કેમ્પસ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ (સ્વનિર્ભર) (૨) એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરતમાં (અનુદાનપાત્ર) આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી એમ.ટી.બી. કોલેજ ઓફ આર્ટસ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા.૧૮–૧૦–૨૦૧૪ તથા તા.૨૬–૧૧–૨૦૧૪ના પત્રોથી કરેલ વિનંતી સ્વીકારવી નહીં અને ફી પરત કરવી.**

૬. યુનિવર્સિટી સંલગ્ન એસ.એસ.અગ્રવાલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીમાં પ્રથમ વર્ષ બી. ફિઝિયોથેરાપીમાં ૨૫ બેઠકો ઉપરાંત ૨૫ બેઠકો વધારીને ૫૦ બેઠકો કરવા અંગે અગ્રવાલ ફાઉન્ડેશન, નવસારીના મંત્રીશ્રીએ તેમના તા.૨૨–૧૨–૨૦૧૪ના પત્ર ક્રમાંક:SSACP/ Phy/ 102/2014થી ૨૫ થી વધારીને ૫૦ બેઠકો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ થી " Consent Letter " આપવા કરેલ માંગણી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** : યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૪–૧૨–૨૦૧૪ના પત્રથી સિન્ડિકેટના અંતિમ નિર્ણયને આધિન શરતી " N.O.C. આપવામાં આવેલ છે. )

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજયુકેશન, નવસારીમાં પ્રથમ વર્ષ બી.ફિઝિયોથેરાપીમાં ૨૫ બેઠકો ઉપરાંત ૨૫ બેઠકો વધારીને ૫૦ બેઠકો કરવા અંગે અગ્રવાલ ફાઉન્ડેશન, નવસારીના મંત્રીશ્રીએ તેમના તા.૨૨–૧૨–૨૦૧૪ના પત્ર ક્રમાંક : SSACP/ Phy/ 102/2014થી ૨૫ થી વધારીને ૫૦ બેઠકો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ – ૨૦૧૬થી "Consent Letter" આપવા કરેલ માંગણી એપેક્ષ બોડિની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારવી.**

૭. સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેકટરશ્રી ધ્વારા તેમના તા.ર૦–૧૧–ર૦૧૪ના પત્ર ક્રમાંક : ૧૩ર૯/ ર૦૧૪, થી પીજી. ડિપ્લોમા ઈન બ્લડ બેંક ટેકનોલોજી સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ર૦૧૦–૧૧ દરમ્યાન યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ હતું પરંતુ સદરહુ અભ્યાસક્રમમાં વિધાર્થીઓ ધ્વારા પ્રવેશ મેળવ્યો ન હોવાને કારણે સદરહુ કોર્ષ withdraw કરેલ હતું, તે સ્વનિર્ભર અભ્યાસક્રમનું આગામી શૈક્ષણિક વર્ષ ર૦૧પ–૧૬થી શરૂ કરવા નિયત ચાલુ જોડાણનું એફિલિએશન ફોર્મ આપવા / રિન્યુ કરવા અને લેઈટ ફી વેવ કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા અંગે.

**નોંધ :**

(૧) રિસર્ચ સેન્ટરની વિનંતી અવલોકનમાં લેતા આગામી શૈક્ષણિક વર્ષ ર૦૧પ–૧૬ના એફિલિએશનના નવા / ચાલુ જોડાણ આપવા સંદર્ભની અરજી ઓ. ૬૬(૧)(ર) ની જોગવાઈ મુજબ લેઈટ ફી રૂા.૧૦૦૦૦૦/– સાથે જમા કરાવવાની છેવટની તારીખ ૧પ નવેમ્બર ર૦૧૪ હોય જે સમય મર્યાદા પૂર્ણ થયેલ છે.

(ર) રિસર્ચ સેન્ટર ધ્વારા તેમના ઉપરોકત પત્રથી જણાવ્યા મુજબ સંસ્થા કેટલાક રોગ માટે, ગરીબ પેશન્ટ, સરકારી અને કોર્પોરેશનની હોસ્પીટલને ફ્રી બ્લડ આપે છે તેવી રજૂઆત કરેલ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના ડાયરેકટરશ્રી ધ્વારા તેમના તા.ર૦–૧૧–ર૦૧૪ના પત્ર ક્રમાંક : ૧૩ર૯/ ર૦૧૪, થી પીજી. ડિપ્લોમા ઈન બ્લડ બેંક ટેકનોલોજી સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ર૦૧૦–૧૧ દરમ્યાન યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ હતું પરંતુ સદરહુ અભ્યાસક્રમમાં વિધાર્થીઓ ધ્વારા પ્રવેશ મેળવ્યો ન હોવાને કારણે સદરહુ કોર્ષ withdraw કરેલ હતું, તે સ્વનિર્ભર અભ્યાસક્રમનું આગામી શૈક્ષણિક વર્ષ ર૦૧પ–૧૬થી શરૂ કરવા નિયત ચાલુ જોડાણનું એફિલિએશન ફોર્મ આપવા / રિન્યૂ કરવા અને લેઈટ ફી વેવ કરવા કરેલ વિનંતી સંદર્ભે લેઈટ ફી માફ કરી અરજી સ્વીકારી સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવી.**

૮. સિન્ડિકેટ સભ્યશ્રી ર્ડા.ધનેશભાઈ વૈદ્ય ધ્વારા તેમના તા.૧–૧૨–૨૦૧૪ના પત્રથી એમ. એસસી. મેથિમેટિકસમાં રેગ્યુલર અને હાયર બેઠકો પર પ્રવેશની કાર્યવાહી બાદ રેગ્યુલર બેઠકો ખાલી હોવા છતા તે બેઠકો એના પછી આવતા મેરિટ મુજબ હાયર પેમેન્ટના વિદ્યાર્થીઓને મળવાપાત્ર હોવી જોઈએ, જે આજદિન સુધી થયેલ નથી. ખાલી પડેલ રેગ્યુલર બેઠકો પર મેરિટ મુજબ ફાળવવામાં આવે તો સામાન્ય વિદ્યાર્થીઓના ફી નાં નાણાં બચી શકે એમ છે, તો ન્યાયના ધોરણે ખાલી પડેલ રેગ્યુલર બેઠકો ફાળવી આપવાની વિનંતી પર વિચારણા કરવા અંગે.

(નોંધ : મેથિમેટિકસ વિભાગના પ્રો. અને હેડ ડૉ. હરીશ ડી. ડોકટરનો એમ. એસસી. સેમ.–૧ હાયર પેમેન્ટ બેઠકોના વિદ્યાર્થીઓને ફ્રી બેઠકો ઉપર તબદીલ કરવા અંગેનો તા.૨૪–૧૨–૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ગણિત/એમ.એસસી. પ્રવેશ તબદીલ/પીજી/ ૬૪૧૯/૧૪. )

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિયમાનુસાર પ્રથમ સિમેસ્ટરમાં ખાલી પડતી જગ્યાઓ પર હાયર પેમેન્ટમાંથી રેગ્યુલર બેઠકોમાં વિદ્યાર્થીઓને મેરિટ અનુસાર તબદીલ કરવા મંજૂરી આપવી.**

૯. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના આચાર્યશ્રીનો તા.૧–૧૧–૨૦૧૪નો પત્ર અવલોકને લેવા વિનંતી.

સદર પત્રમાં જણાવ્યાનુસાર ગ્રાન્ટ–ઈન–એઈડમાં એમ.એ., એમ.કોમ. વગેરે અનુસ્નાતક કેન્દ્રમાં ટયુઈશન ફી રૂા.૧૦૦૦ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭માં નિર્ધારણ કરવામાં આવેલ હતી ત્યાર બાદ તેમાં વધારો થયેલ નથી. SC, ST, SEBCમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનાં રૂપમાં ફીની રકમ પરત મળી જાય છે. અનુસ્નાતક કેન્દ્રો દ્વારા થતી આવકમાંથી અનુસ્નાતક કેન્દ્રોનાં સંચાલન પર શિક્ષણ ખર્ચ કરવામાં આવે છે. જેમાં યુનિવર્સિટીમાં હાલમાં ૫૦% વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ટયુઈશન ફીની મુકિત છે. આથી ટયુઈશન ફીની જ આવક મળતી હોય છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓની ટયુઈશન ફીની આવક ઘટતી જાય છે. સંચાલન ખર્ચ, શિક્ષણ ખર્ચ વધતો જાય છે. યુનિવર્સિટીને માત્ર ટયુઈશન ફીની જ આવક મળતી હોય છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓની ટયુઈશન ફી સમાયંતરે વધવી જોઈએ જેથી અનુસ્નાતક કેન્દ્રની આવક અને જાવક વચ્ચેનું અંતર (ખોટ) ઘટી શકે.

ઉપરોકત માહિતી ધ્યાનમાં લઈ હાલ રૂા.૪૦૦ વધારીને રૂા.૧૪૦૦ કરવા જોઈએ. અગાઉ રૂા.૬૦૦ માં રૂા.૪૦૦ ઉમેરીને રૂા.૧૦૦૦ કરવામાં આવ્યા હતા. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી રૂા.૧૦૦૦/– + રૂા.૪૦૦/– = રૂા.૧૪૦૦/– ટયુઈશન ફી અનુસ્નાતક કેન્દ્રમાં કરવા માટે જરૂરી સમિતિઓમાં ચર્ચા વિચારણા કરવા માટે આચાર્યશ્રીએ નમ્ર વિનંતી કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત...

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી ટયુશન ફીમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વધારો કરવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવી.**

૧૦. પીએચ.ડી. સંશોધન અભ્યાસના પ્રવેશ માટે વિવિધ વિષયોમાં ગાઈડ દીઠ એક સુપરન્યુમરિ સીટ દરેક વિષયમાં યુનિવર્સિટી શિક્ષકો માટે અનામત રાખવા સિન્ડિકેટની તા.૦૩–૦૨–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪૭) અન્વયે એકેડેમિક કાઉન્સિલને રિફર કરેલ જેને એકેડેમિક કાઉન્સિલની તા.૬–૬–૨૦૧૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૮) અન્વયે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકોને પીએચ.ડી. અંતિમ તબકકામાં પ્રાથમિકતા આપી પ્રથમ લાભ આપવા ઠરાવેલ હોય જેને સિન્ડિકેટની તા.૨૬–૮–૨૦૧૪ની બાબત ક્રમાંક (૪૭) અન્વયે મંજૂર કરી આર.એસ.સી. (સંશોધન અભ્યાસ સમિતિ)ને ચાલુ શૈક્ષણિક વર્ષ (૨૦૧૪)માં બાકી રહેતા પ્રવેશો માટે જરૂરી કાર્યવાહી કરવા ઠરાવેલ હોય જે યુનિવર્સિટીના દ્વારા પત્ર ક્રમાંક : પીજી/ પીએચ.ડી./ ૧૨૬૪૭/૨૦૧૪ થી પીએચ.ડી સંશોધન અભ્યાસ સમિતિના ચેરમેનશ્રી તથા કન્વિનરશ્રી / કો–ઓર્ડિનેટરશ્રીને પત્ર લખી જાણ કરવામાં આવેલ છે પરંતુ **UGC (MINIUM STANDARDS AND PROCEDURE FOR AWARD OF M.Phil/Ph.D. DEGREE), REGULATION, 2009 TO BE PUBLISHED IN THE GAZETTE OF INDIA PART III, SECTION** માં **F.1-1/2002 (PS) Exemp. 1st June, 2009 NOTIFICATION**નાં ક્રમ નંબર 7 માં જણાવ્યા મુજબ A Supervisor Shall not have, at any given point of time, more than eight Ph.D. Scholars and Five M.Phil Scholars. પીએચ.ડી. અને એમ.ફિલમાં આઠ થી વધુ સ્કોલર વિદ્યાર્થી ન લઈ શકાય. જેને ધ્યાને લેતા દરેક વિષયમાં યુનિવર્સિટી શિક્ષકો માટે અનામત રાખીએ તો તેમાં ભવિષ્યમાં સદર સ્કોલરને UGC Regulation on 2009 મુજબનું પ્રમાણપત્ર આપી શકાય નહિ તેથી સમગ્ર બાબતે વિસગંતતા સર્જાય તેમ હોય પુનઃ વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, UGC Regulation 2009 મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી તથા પીએચ.ડી. તથા એમ. ફિલ. બાબતે જયાં પણ વિસંગતતા જણાય ત્યાં યુ. જી. સી.ના નિયમો મુજબ આગળની કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી પીએચ.ડી. અને એમ. ફિલ.ની સમાન પ્રવેશ પરીક્ષા (Entrance Test) લેવી તથા પીએચ.ડી. પ્રવેશમાં વિદ્યાર્થીઓ માટે Presentation રાખવું કે Viva તે બાબતે નીચે મુજબના સભ્યશ્રીઓની તથા બધી ફેકલ્ટીઓના ડીનશ્રીઓની સમિતિ બનાવી તે સમિતિની ૧૫ દિવસમાં સભા કરવી.**

**(૧) ડૉ. અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ. કિરણ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૧૧. ભૌતિક શાસ્ત્ર વિભાગના વિભાગીય વડાશ્રીના તા.૧/૧૨/૨૦૧૪ના પત્ર અનુસાર ભૌતિકશાસ્ત્ર વિભાગમાં કુલ–૧૨ શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયેલ છે અને હાલ ૦૭ શૈક્ષણિક જગ્યાઓ ભરાયેલી છે. વર્ષ ૨૦૧૨–૧૩માં એમ.એસસી.–ઈલેકટ્રોનીકસ વિષયમાં માત્ર ૦૧ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ હતો અને ૨૦૧૩–૧૪માં માત્ર ૦૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. કુલ ૧૦ + ૦૬ = ૧૬ અનુક્રમે (લોઅર ફી) (હાયર ફી) જગ્યાઓ મંજૂર થયેલ છે. આમ હાલમાં આ વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા અપૂરતી થાય છે તેમજ આ વિષય માટે નિમણૂંક કરવામાં આવેલ ગેસ્ટ ફેકલ્ટીએ અંગત કારણસર રાજીનામુ આપેલ છે. ઉપરોકત ઈલેકટ્રોનીકસ વિષયમાં યુ.જી.સી. પ્લાન પિરિયડમાં એક પણ શૈક્ષણિક મંજૂર થયેલ નથી. આથી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ અને આગામી વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યા થતી ન હોય હાલ આ અભ્યાસક્રમમાં પ્રવેશ સ્થગિત કરવા અથવા ઓછામાં ઓછા કેટલાં વિદ્યાર્થીઓ થાય ત્યાં સુધી આ અભ્યાસક્રમ ચાલુ રાખવો તે અંગે ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીની રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી.–ઈલેકટ્રોનીકસ વિષયમાં હવેથી પ્રવેશો સ્થગિત કરવા.**

૧૨. વર્ષ ૨૦૧૪ના પીએચ. ડી. / એમ. ફિલ. સંશોધન અભ્યાસના જે વિષયોના યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ ઉપલબ્ધ ન હોય તે વિષયો પૈકી આર્ટસ ફેકલ્ટીમાં સમાવેશ વિષયોના કોર્ષ વર્ક એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત અને કોમર્સ ફેકલ્ટીમાં સમાવેશ વિષયોના કોર્ષ વર્ક એસ. પી. બી. ઈંગ્લીશ મીડિયમ કોમર્સ કોલેજ, સુરત ખાતે કોર્ષ વર્કના સંચાલન કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. વિવિધ સંશોધન અભ્યાસની સમિતિ ધ્વારા પ્રવેશ ભલામણ માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથે કરેલ છે, જેઓના પ્રવેશ રજીસ્ટ્રેશન બાદ કોર્ષ વર્ક કે જેનું સંચાલન ઉપર દર્શાવેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં થનાર છે, જે કોર્ષ વર્ક માટે હાલમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસે નીચે મુજબ પ્રથમ અને બીજા સત્રમાં ફી લેવામાં આવે છે.

| Sr. No. | Fee Head | First term Fee (Rs.) | S0000 econd & Other Term Fee (Rs.) |
|---|---|---|---|
| 1 | Tuition Fees Per Semester *M Phil OR | 5000/- | 5000/- |
| | Tuition Fees Per Semester * Ph. D. | 2000/ | 2000/ |
| 2 | Laboratory Fee Per Semester M. Phil OR | 1000/- | 1000/- |
| | Laboratory Fee Per Semester Ph. D. | 1500/- | 1500/- |
| 3 | Registration Fee ( Date of Admission) | 100/- | -- |
| 4 | University campus Development | 50/- | 50/- |
| 5 | University sports Complex Development Fee | 20/- | 20/- |
| 6 | University Sports & Cultural Activities | 20/- | 20/- |
| 7 | Library Deposit (One Time) | 200/- | -- |
| 8 | Admission (One Time) | 50/- | -- |
| 9 | Identity Card (One Time) | 50/- | -- |
| 10 | College Deposit (Date of Admission) | 100/- | -- |
| 11 | Student & Teacher Welfare | 150/- | 150/- |
| 12 | Student Union | 100/- | 100/- |
| 13 | Amenities Fee | 150/- | 150/- |
| 14 | Campus Development Fee | 100/- | 100/- |
| 15 | Internal Examination | 75/- | 75/- |
| 16 | Books, Equipment etc | 250/- | 250/- |
| TOTAL FEE | | | |

પીએચ. ડી. / એમ. ફલ. સંશોધન અભ્યાસમાં વિદ્યાર્થીના કોર્ષ વર્ક માટે યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત કેન્દ્રોમાં ફી જમા કરાવવા સંદર્ભમાં **<u>ઉપર મુજબની ફી નીચે મુજબ 'અ' અથવા 'બ' પૈકીનો એક વિકલ્પ સ્વીકારવા કે કેમ તે પર વિચારણા કરવા અંગે.</u>**

(અ)(૧) અન્ય ફી પૈકી ઉપર મુજબ ક્રમાંક (૧૧)થી(૧૬) માં દર્શાવેલ ફી કે જે દરેક સિમેસ્ટરમાં લેવામાં આવતી હોય તેવી ફીની પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરની ફી કોર્ષ વર્કનું સંચાલન કરતી કોલેજોને અને તૃતિય અને ત્યારબાદના સિમેસ્ટરની ફી વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક જે કોલેજમાં ફરજ બજાવતા હોય તે કોલેજને અન્ય ફી ના જે તે હેડ હેઠળ ખર્ચ કરવા ફી સ્વીકારવાની મંજૂરી આપીએ.

(૨) પીએચ.ડી./એમ.ફિલ. સંશોધન અભ્યાસમાં અન્ય ફી / ડિપોઝિટ પૈકી ક્રમાંક(૭)થી(૧૦) મુજબની ફી વિદ્યાર્થીએ એક જ વખત જમા કરાવવાની હોય જે અવલોકનમાં લેતા વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષકની ફાળવણી થયેલ હોય તે વિદ્યાર્થીઓને તે ફી માર્ગદર્શક શિક્ષક જે કોલેજમાં ફરજ બજાવે છે તે કોલેજમાં જે તે હેડ હેઠળ સ્વીકારવા અને જે અભ્યાસના માર્ગદર્શક શિક્ષકની ફાળવણી કરેલ ન હોય તે ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની અને માર્ગદર્શક શિક્ષકની ફાળવણી થયેથી માર્ગદર્શક શિક્ષક જે કોલેજમાં ફરજ બજાવે છે તે કોલેજમાં અન્ય ફીના જે તે હેડ હેઠળ જમા લેવાની અને તે હેડ હેઠળ ખર્ચ કરવાની મંજૂરી આપીએ.

**<u>અથવા</u>**

(બ)(૧) કોર્ષ વર્કના તજજ્ઞના લેકચરનું મહેનતાણું યુનિવર્સિટી ધ્વારા ચુકવવામાં આવતું હોય, પીએચ. ડી. સંશોધન અભ્યાસના પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ કોર્ષ વર્ક કરવાનો હોય તે વિદ્યાર્થીઓના કોર્ષ વર્ક માટે વિદ્યાર્થી દીઠ મહેનતાણું રૂા.૫૦૦/– કોર્ષ વર્કના સંચાલન અને તેને આનુષંગીક કાર્યવાહી માટે મંજૂર કરીએ અને પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીની ગાઈડની ફાળવણી ન થાય ત્યાં સુધી ઉપર મુજબની તમામ ફી યુનિવર્સિટી હિસાબી વિભાગમાં જમા કરાવીએ અને ગાઈડની ફાળવણી થયેથી ઉપર મુજબ ક્રમાંક (૧૧)થી(૧૬) માં દર્શાવેલ વિદ્યાર્થીની ફી માર્ગદર્શક શિક્ષક જે કોલેજ સાથે જોડાયેલ હોય તે કોલેજમાં અન્ય ફી ના જે તે હેડ ખાતે જમા લઈ તે હેડ હેઠળ ખર્ચ કરવાની મંજૂરી આપીએ.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસના કોમર્સ / એકાઉન્ટન્સી, હિન્દી, સંસ્કૃત, હિસ્ટ્રી,સાયકોલોજી કોર્ષ વર્ક યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલાવવામાં આવે છે તે તમામ પીએચ. ડી. / એમ. ફીલ. ના કોર્ષ વર્ક જૂન ૨૦૧૫ થી કોમર્સ / એકાઉન્ટન્સી વિષયનો કોર્ષ વર્ક યુનિવર્સિટી કોમર્સ ભવન ખાતે અને હિન્દી, સંસ્કૃત, હિસ્ટ્રી,સાયકોલોજી વિષયના કોર્ષ વર્ક યુનિવર્સિટી ગુજરાતી અનુસ્નાતક ભવન ખાતે ચલાવવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડીકેટ સભ્યશ્રીઓએ તેમના તા. ૫– ૧૨ – ૨૦૧૪ના પત્રથી પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસમાં લેબોરેટરી સાધનો, લાયબ્રેરી, કેમિકલ્સ, ગ્લાસવેર, એપરેટસ તથા નમૂનાઓના એનાલીસીસ માટે ખૂબ જ ખર્ચ થતો હોય તેથી સંશોધનાર્થીની લેબોરેટરી ફી વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક જે કોલેજમાં ફરજ બજાવતા હોય તે કોલેજમાં જમા લેવી.**

**(નોંધ : સિન્ડિકેટની તા.૧૨–૧–૨૦૧૫ની બાબત ક્રમાંક : (૧૨) અન્વયે બાકી રહેતી બાબત સિન્ડિકેટની આગામી સભામાં રજૂ કરવી.)**

૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં નવિનીકરણ, સમારકામ, સુધારા–વધારા અને સારસંભાળની નવી બાબત તરીકે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૦ કરોડની આસપાસની રકમ ફાળવવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પત્રાંક : બજટ /૧૨૧૪/ ૯૫/ખ/૨૦૧૪, તા.:૨૪/૧૧/૨૦૧૪ના પત્ર અન્વયે માન. કુલપતિશ્રીની અગ્રસચિવશ્રી સાથેની તા.:૨૭/૧૧/૨૦૧૪ના રોજની મીટિંગમાં નક્કી થયા મુજબ પ્રસ્તુત કામ અંગેના અંદાજ તથા નકશા ટૂંકી સમયમર્યાદામાં બનાવી સરકારશ્રીમાં રજૂ કરવાના હોય આ કામના કન્સલટન્ટ તરીકે શ્રી ભરતભાઈ એમ. પટેલની નિમણૂંક કરી તેમને ફીની ચૂકવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની ચર્ચા વિચારણા સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ની સભામાં ઠરાવ નં. ૬૨થી કરવામાં આવી હતી તેની નોંધ લેવી.**

૧૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટ માટે નવું મકાન બનાવવા તથા આ મકાન માટે જગ્યા ફાળવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના ફાઈન આર્ટ્સ સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નવું મકાન આર્કિટેકચર બિલ્ડીંગની નજીકમાં બનાવવું.**

૧૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીની માલિકીની કમ્પાઉન્ડ વોલથી ૩.૦૦ની પહોળાઈમાં લાઈન પસાર કરવા માટે જરૂરી મંજૂરી આપવા અંગેના નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી સુરત (મા×મ) પેટા–વિભાગ નં.૧, સુરતના તા.: ૨૮/૧૧/૨૦૧૪ના રોજના પત્ર પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને હાલ મુલતવી રાખી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.**

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે એસ્ટેટ વિભાગમાં કેમ્પસના ઝાડી-ઝાંખરાની સાફ-સફાઈ, બાગકામમાં મજૂર તરીકે તથા એસ્ટેટ વિભાગના વિવિધ પરચૂરણ મરામતના કામ માટે ૪ (ચાર) મજૂર યુનિવર્સિટીના હાલના ધારાધોરણ મુજબ દૈનિક રોજથી રાખવા અંગે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હાલના ધારાધોરણ મુજબ ૮ (આઠ) મજૂર દૈનિક રોજથી નિમવા મંજૂરી આપવી.**

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના કન્વેન્શન હોલમાં રાત્રિ દરમ્યાન અને રવિવારના દિવસે કાર્યક્રમ થતાં હોઈ આ સંજોગોમાં તથા કન્વેન્શન હોલની મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય તેમાં સતત ટોયલેટ બ્લોક અને હોલની સફાઈની જરૂરિયાત રહે છે આ સંજોગોમાં ૨ (બે) સફાઈ કામદારો સતત હાજર રહે તે રીતે રાખવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના કન્વેન્શન હોલમાં રાત્રિ દરમ્યાન અને રવિવારના દિવસે કાર્યક્રમ થતા હોઈ આ સંજોગોમાં તથા કન્વેન્શન હોલની મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય તેમાં ટોયલેટ બ્લોક અને હોલની સતત સફાઈની જરૂરિયાત રહે છે આ સંજોગોમાં ૨ (બે) સફાઈ કામદારો સતત હાજર રહે તે રીતે રાખવા મંજૂરી આપવી તથા તેમને ૧૧ (અગિયાર) મહિનાના કોન્ટ્રાકટથી તદ્દન હંગામી ધોરણે રોજમદાર સફાઈ કામદારો લેવા.**

૧૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના કન્વેન્શન હોલને માન્ય સંસ્થાના સાંસ્કૃતિક કાર્યક્રમ/ સેમિનાર/ ચેરીટી માટેના કાર્યક્રમ/જાહેર જનતાને લાભ થાય તેવી કોન્ફરન્સ અને કાર્યક્રમો માટે હાલનું એક સેશનનું ભાડું રૂા.૨૦,૦૦૦/– લેવામાં આવે છે તેની જગ્યાએ ભાડું વધારીને રૂા.૨૫,૦૦૦/– કરવા, ધંધાદારી (કોમર્શીયલ) કાર્યક્રમો માટે હાલનું એક સેશનનું ભાડું રૂા.૩૦,૦૦૦/– છે તેની જગ્યાએ ભાડું વધારીને રૂા.૩૫,૦૦૦/– કરવા, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું એક સેશનનું હાલનું ભાડું રૂા.૧૫,૦૦૦/– અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું એક સેશનનું હાલનું ભાડું રૂા.૫,૦૦૦/– યથાવત રાખવા તથા બહારનું ગ્રાઉન્ડ ભોજન સમારંભ માટે આપવા રૂા.૧૦,૦૦૦/– લેવા તથા કાર્યક્રમ દરમ્યાન કાર્યાલયના સમય પછી કામગીરી બજાવતા ટેકનીશ્યનો/ હેલ્પરોને એક કાર્યક્રમના રૂા.૧૫૦/– (એકસો પચાસ) લેખે ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના કન્વેન્શન હોલને માન્ય સંસ્થાના સાંસ્કૃતિક કાર્યક્રમ/ સેમિનાર/ ચેરીટી માટેના કાર્યક્રમ/જાહેર જનતાને લાભ થાય તેવી કોન્ફરન્સ અને કાર્યક્રમો માટે હાલનું એક સેશનનું ભાડું રૂા.૨૦,૦૦૦/– લેવામાં આવે છે તેની જગ્યાએ ભાડું વધારીને રૂા.૨૫,૦૦૦/– કરવા, ધંધાદારી (કોમર્શીયલ) કાર્યક્રમો માટે હાલનું એક સેશનનું ભાડું રૂા.૩૦,૦૦૦/– છે તેની જગ્યાએ ભાડું વધારીને રૂા.૩૫,૦૦૦/– કરવા, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું એક સેશનનું હાલનું ભાડું રૂા.૧૫,૦૦૦/– અને યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું એક સેશનનું હાલનું ભાડું રૂા.૫,૦૦૦/– યથાવત રાખવા અને ડીપોઝીટની રકમ રૂા.૧૫,૦૦૦/– ને બદલે રૂા.૨૫,૦૦૦/– કરવી તથા બહારનું ગ્રાઉન્ડ ભોજન સમારંભ માટે આપવા રૂા.૧૦,૦૦૦/– લેવા તથા કાર્યક્રમ દરમ્યાન કાર્યાલયના સમય પછી કામગીરી બજાવતા ટેકનીશ્યનો/ હેલ્પરોને એક કાર્યક્રમના રૂા.૧૫૦/– (એકસો પચાસ) લેખે ચૂકવવા તથા કન્વેન્શન હોલ (ઓડીટોરીયમ) ભાડે આપવા અંગેના સુચિત નીતી નિયમો પરિશિષ્ટ:" ક"માં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિવિધ વિભાગોના નામના LED શાઈન બોર્ડ, મુકાવવા અને થનાર ખર્ચ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૧૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતેની બોયઝ હોસ્ટેલોની આજુબાજુ અંદાજ રૂા.૩ (ત્રણ) લાખ થી ૪ (ચાર) લાખના ખર્ચની મર્યાદામાં ગાર્ડન ડેવલપ કરવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતેની બોયઝ હોસ્ટેલોની આજુબાજુ અંદાજ રૂા.૩ (ત્રણ) લાખ થી ૪ (ચાર) લાખના ખર્ચની મર્યાદામાં ગાર્ડન ડેવલપ કરવા મંજૂરી આપવી.**

૨૦. તા.૨૯–૧૨–૨૦૧૪ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંકઃ ૪ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૯–૧૨–૨૦૧૪ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંકઃ ૪ પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૨૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો. જી. એસ. પરમારે તા.૨૦–૭–૨૦૧૪ના રોજ ૬૨ વર્ષ પૂર્ણ કરેલ હોય અને વય મર્યાદાને કારણે આગામી તા.૩૧–૧૦–૨૦૧૪ના કાર્યાલય સમય બાદ શૈક્ષણિક સત્રને અંતે નિવૃત્ત કરવાની જોગવાઈ મુજબ નિવૃત્ત થનાર હોય જેથી શિક્ષણ વિભાગમાં કાયમી હેડની ખાલી પડનાર જગા માટે સ્ટેટયૂટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત યુજીસી, સી.એ.એસ. હેઠળ પ્રોફેસર તરીકે પ્રમોશન મેળવેલ હાલ તે વિભાગના શ્રેયાંન શિક્ષક ડો. દિપીકા બી. શાહની શિક્ષણ વિભાગના વડાશ્રી તરીકે નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**<u>Statute 293 :</u>**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

**<u>Ordinance – 37- C</u>**

(i) There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate as per the Provisions made in Statute-293.

(ii) For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be, irrespective of whether the appointment is made under Direct Recruitment or Career Advancement Scheme.

(iii) This Ordinance shall be applicable forthwith. The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

નોંધ : (૧) સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક (૧૨)થી સદર બાબત યુજીસી/ એનસીટીઈના નિયમો અંગે જાણકારી મેળવી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવા ઠરાવવામાં આવેલ છે.

(૨) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં હેડની ખાલી પડનાર જગા માટે ઉપરોકત સ્ટેટયુટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત નિમણૂંક કરવામાં આવે છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો. જી. એસ. પરમાર તા.૨૦–૭–૨૦૧૪ના રોજ ૬૨ વર્ષ પૂર્ણ કરેલ હોય અને વય મર્યાદાને કારણે આગામી તા.૩૧–૧૦–૨૦૧૪ના કાર્યાલય સમય બાદ શૈક્ષણિક સત્રને અંતે નિવૃત્ત કરવાની જોગવાઈ મુજબ નિવૃત્ત થનાર હોય જેથી શિક્ષણ વિભાગમાં કાયમી હેડની ખાલી પડનાર જગા માટે સ્ટેટયૂટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત યુજીસી, સી.એ.એસ. હેઠળ પ્રોફેસર તરીકે પ્રમોશન મેળવેલ હાલ તે વિભાગના શ્રેયાંન શિક્ષક ડો. દિપીકા બી. શાહની શિક્ષણ વિભાગના વડાશ્રી તરીકે નિમણૂંક કરવી.**

૨૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતકના ગુજરાતી વિભાગમાં બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ નીચે દર્શાવેલ પાંચ શૈક્ષણિક કર્મચારીઓના નામ સામે દર્શાવેલ તારીખથી બે વર્ષનો અજમાયશી સમય પૂર્ણ થતો હોય જે સબબ તેઓના નામ સામે દર્શાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| No. | Name of the Teacher | Designation | Joining Date | 2 yrs probation complete | Confirmation Date |
|---|---|---|---|---|---|
| 1 | Dr. Jashubhai G. Patel | Associate Professor | 18-01-13 | 17-01-2015 | 18-01-2015 |
| 2 | Dr. Bharatji Jivanji Thakor | Assistant Professor | 18-01-13 | 17-01-2015 | 18-01-2015 |
| 3 | Dr. Panna Bipinchandra Trivedi | Assistant Professor | 18-01-13 | 17-01-2015 | 18-01-2015 |
| 4 | Dr. Jagdishchandra M. Gurjar | Professor (Prof. & Head) | 24-01-13 | 23-01-2015 | 24-01-2015 |
| 5 | Dr. Naresh R. Shukla | Assistant Professor | 01-02-13 | 31-01-2015 | 01-02-2015 |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતકના ગુજરાતી વિભાગમાં બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ ઉપરોકત દર્શાવેલ પાંચ શૈક્ષણિક કર્મચારીઓના નામ સામે દર્શાવેલ તારીખથી બે વર્ષનો અજમાયશી સમય પૂર્ણ થતો હોય જે સબબ તેઓના નામ સામે દર્શાવેલ તારીખથી તેઓને કાયમ કરવા.**

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો.દિલિપ શાહના નિવૃત્તિ બાદ સિન્ડિકેટ તા.૧૩–૧૨–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક (૫૨)થી સ્ટેટયૂટ–૨૯૩માં કરેલ જોગવાઈ અંતર્ગત ડો. વિપુલ જે. સોમાણીને ઓફિસીયેટીંગ હેડ તરીકે નિમણૂંક કરવામાં આવેલ, હાલ સિન્ડિકેટ તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક(૩૧)થી પસંદગી સમિતિની ભલામણ સ્વીકારી યુજીસી, સી.એ.એસ. હેઠળ પ્રોફેસર તરીકે પ્રમોશન આપવામાં આવેલ છે, જેના સંદર્ભે સ્ટેટયૂટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વડાશ્રી તરીકે નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો.દિલિપ શાહની નિવૃત્તિ બાદ સિન્ડિકેટ તા.૧૩–૧૨–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક (૫૨)થી સ્ટેટયૂટ–૨૯૩માં કરેલ જોગવાઈ અંતર્ગત ડો. વિપુલ જે. સોમાણીને ઓફિસીયેટીંગ હેડ તરીકે નિમણૂંક કરવામાં આવેલ, હાલ સિન્ડિકેટ તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક(૩૧)થી પસંદગી સમિતિની ભલામણ સ્વીકારી યુજીસી, સી.એ.એસ. હેઠળ પ્રોફેસર તરીકે પ્રમોશન આપવામાં આવેલ છે, જેના સંદર્ભે સ્ટેટયૂટ–૨૯૩ અને ઓર્ડિનાન્સ–૩૭માં કરેલ જોગવાઈ અંતર્ગત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વડાશ્રી તરીકે નિમણૂંક કરવી.**

૨૪. યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી (Chief Accounts Officer)ની મેટર નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પેન્ડીગ હોય, સદર કેસનો જયાં સુધી ચુકાદો ન આવે ત્યાં સુધીના સમય માટે યુનિવર્સિટી ખાતે Finance Officerની નિમણૂંક કરવા સિન્ડિકેટની તા.૨૬/૮/૨૦૧૪ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪૯ થી આપવામાં આવેલ સૈધ્ધાંતિક મંજૂરી સબબ યુનિવર્સિટી ખાતે Finance Officerની નિમંણૂક સંદર્ભે સેવાની શરતો, લાયકાતના ધોરણો, અનુભવ, પગાર અને તેને આનુષાંગિક અન્ય બાબતો નકકી કરવા બાબત.

(નોંધ :

(૧) યુનિવર્સિટી ખાતે મંજૂર થયેલ છઠ્ઠા પગારપંચમાં મુખ્ય હિસાબી અધિકારી (Chief Accounts Officer)ની જગ્યા રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦+૬૬૦૦ ગ્રેડ પે ના પગારધોરણમાં મંજૂર થયેલ છે.

(૨) યુનિવર્સિટી ખાતે મુખ્ય હિસાબી અધિકારી (Chief Accounts Officer) ની જગ્યાના લાયકાતના ધોરણો નીચે મુજબ છે.

1. (i) A Chartered Accountant with al least three years experience.

or

(ii) A Post Graduate Degree in Commerce with at least five years experience as Deputy Accountant or its equivalent with a total experience of 12 years or 10 years experience as Assistant Accountant and above or its equivalent with a total experience of 12 years.

or

(iii) A Graduate in commerce with eight years experience as Deputy Accountant or its equivalent with a total experience of 20 years or fifteen years experience as Assistant Accountant and above or it's equivalent with a total experience of twenty years :

- in the University or comparable establishment.

2. The candidates who have clear "CCC+" (Course on Computer Concept+) exam will be given priority. If the candidate has not cleared "CCC+" then conditional appointment will be given to the appropriate candidate as per State Government norms/policy.

(૩) કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત રાજય દ્વારા વિવિધ જગાઓની ભરતીની પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં Account Officer cum Comptrollerની રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ + ૫૪૦૦ ગ્રેડ પે ના પગારધોરણના લાયકાતધોરણ અંગેની વિગત નીચે મુજબ છે.

**Prescribed Qualifications: Essential:**

A Should possess minimum qualification of Master of Business Administration (Finance) / Chartered Accountant.

B Should have relevant post qualification experience of at least five years as in charge of Accounts department of State Government / Central Government and Government Undertaking Board / Corporation / company registered by the law/ Local bodies

C Possess adequate knowledge of Gujarati and Hindi

D Passed the Examination of CCC+ of DOEACC or of the equivalent level examination determined by the State Government from time to time. If not, should pass the examination within the probation period.

**AGE :** Below 45 years. Upper age limit may be relaxed upto 5 years in favour of a candidate who is already working in Agricultural University of Gujarat}

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવી.**

૨૫. યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો ડૉ.વિક્રમ બી. દેસાઇ, ડૉ.એ.એ.દેસાઇ અને ડૉ.કે.એમ.પંડયાના આ સાથે સામેલ તા.૨૬/૧૧/૨૦૧૪ની સંયુકત સહીના આ સાથે સામેલ પત્ર 'યુનિવર્સિટીમાં વણપુરાયેલી અને નજીકના ભવિષ્યમાં નિવૃત્તિના કારણોસર ખાલી પડનાર શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક જગ્યાઓ ભરવા અંગે' પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવી.**

**વધુમાં આજની સભા ગહન ચર્ચા વિચારણાને અંતે ઠરાવે છે કે, રાજય સરકારશ્રીને ગંભીરતાપૂર્વક પત્ર લખવો. યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિકની વિવિધ જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી હાથ ધરવી તથા જરૂર જણાય તો માનનીય કુલપતિશ્રી તથા તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓએ ગાંધીનગર જઈને રૂબરૂમાં સદર બાબતે રાજય સરકારશ્રીમાં રજૂઆત કરવી.**

૨૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટમાં એડહોક ધોરણે કામ કરતાં અધ્યાપકોને છૂટા કરવામાં આવે અને ફરી ફ્રેશ નિમણૂંક કરવામાં આવે ત્યારે અગાઉનો Pay Protects કરી નિમણૂંક આપવા તથા કોન્ટ્રાકટ ઉપર કામ કરતાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના માસિક વેતનની પણ છણાવટ કરી યોગ્ય વધારો કરવા અંગે માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓ (૧) શ્રી સંજયભાઈ દેસાઈ (૨) ડો. એ.એ.દેસાઈ અને (૩) ડો. કિરણ એમ. પંડયાના સંયુકત સહીથી તા.૩–૧૨–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને Withdraw કરવી.**

૨૭. યુનિવર્સિટીની લેવાનારી વિવિધ પરીક્ષાઓની કામગીરી તેમજ LIC અને અન્ય કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ દરોએ વાહનો ભાડેથી (ઓપન માર્કેટમાંથી) મંગાવવામાં આવે છે. જે સંદર્ભે પેટ્રોલ/ડિઝલ/સી.એન.જી.ની પ્રવર્તમાન કિમંતોમાં થયેલ ઘટાડા અંતર્ગત વાહનો ભાડે મંગાવવા નિયત કરેલ દરો પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વાહનનો પ્રકાર | તા.૧૦/૫/૨૦૧૩ ની સ્થિતિ | | તા.૨૪/૮/૨૦૧૩ ની સ્થિતિ | | તા.૫/૮/૨૦૧૪ ની સ્થિતિ | | તા.૪/૧૨/૨૦૧૪ ની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | # યુનિવર્સિટીએ કિ.મી. દીઠ નિયત કરેલ દર (રૂા.) | * પ્રવર્તમાન કિંમતો (રૂા.) | યુનિવર્સિટીએ કિ.મી. દીઠ નિયત કરેલ દર (રૂા.) | * પ્રવર્તમાન કિંમતો (રૂા.) | યુનિવર્સિટીએ કિ.મી. દીઠ નિયત કરેલ દર (રૂા.) | * પ્રવર્તમાન કિંમતો (રૂા.) | * પ્રવર્તમાન કિંમતો (રૂા.) |
| ૧ | પેટ્રોલ સંચાલિત વાહન | ૮=૦૦ | ૬૬=૪૨ | ૧૦=૦૦ | ૭૫=૦૫ | ૧૧=૦૦ | ૭૫=૪૨ | ૬૬=૮૦ |
| ૨ | ડિઝલ સંચાલિત વાહન | ૭=૦૦ | ૫૫=૨૮ | ૯=૦૦ | ૫૭=૧૯ | ૧૦=૦૦ | ૬૩=૭૮ | ૫૮=૪૯ |
| ૩ | સી.એન.જી. સંચાલિત વાહન | ૪=૦૦ | ૬૩=૦૮ | ૫=૦૦ | ૬૫=૮૦ | ૫=૦૦ | ૪૬=૭૫ | ૪૬=૭૫ |

# નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ દરો.

*ઉપરોકત પ્રવર્તમાન કિંમતો www.mypetrolprice.com પરથી અમદાવાદ શહેરની દર્શાવેલ છે.

(વહીવટી )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની લેવાનારી વિવિધ પરીક્ષાઓની કામગીરી તેમજ LIC અને અન્ય કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ દરોએ વાહનો ભાડેથી (ઓપન માર્કેટમાંથી) મંગાવવામાં આવે છે. જે સંદર્ભે પેટ્રોલ/ડિઝલ/ સી.એન.જી.ની પ્રવર્તમાન કિમતોમાં થયેલ ઘટાડા અંતર્ગત વાહનો ભાડે મંગાવવા નિયત કરેલ દરોમાં ઘટાડો કરવા વાટાઘાટો કરવા અને જે ભાવો નકકી થાય તે મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૨૮. યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે નિયમાનુસાર સિનિયોરીટી લીસ્ટ (પ્રવરતા યાદી) તૈયાર કરવા અંતર્ગત સિન્ડિકેટની તા.૨/૪/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ થી કુલસચિવની અધ્યક્ષતામાં રચવામાં આવેલ સમિતિ દ્વારા તા.૭/૧૦/૨૦૧૪ની રજૂ કરેલ કાર્યવાહી અને તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિએ (૧) જુ.કલાર્ક/ટાઇપીસ્ટ, જુ.કલાર્ક/ટાઇપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક) (૨) સિનિયર કલાર્ક, (૩) હેડ કલાર્ક, કેશીયર, (૪) જુનિયર સ્ટેનોગ્રાફર અને (૫) વર્ગ-૩ ના બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સની પદવી ધરાવતા કર્મચારીઓની તૈયાર કરવામાં આવેલ 'આખરી પ્રવરતાયાદી'ને સિન્ડિકેટે તા.૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી મંજૂર કરેલ છે. અને જી.સી.એસ.આર.ના નિયમાનુસાર પ્રમોશન આપવા ઠરાવેલ છે. જે ઠરાવ સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને ખાલી જગ્યાઓ ઉપર બઢતી આપવા અંગે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૦ સંદર્ભે કુલસચિવની અધ્યક્ષતા હેઠળ નિયુકત પસંદગી સમિતિની સભાની તા.૨૫/૧૧/૨૦૧૪ ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે નિયમાનુસાર સિનિયોરીટી લિસ્ટ (પ્રવરતા યાદી) તૈયાર કરવા અંતર્ગત સિન્ડિકેટની તા.૨/૪/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ થી કુલસચિવની અધ્યક્ષતામાં રચવામાં આવેલ સમિતિ દ્વારા તા.૭/૧૦/૨૦૧૪ની રજૂ કરેલ કાર્યવાહી અને તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિએ (૧) જુ.કલાર્ક/ ટાઈપીસ્ટ, જુ.કલાર્ક/ટાઈપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક) (૨) સિનિયર કલાર્ક, (૩) હેડ કલાર્ક, કેશીયર, (૪) જુનિયર સ્ટેનોગ્રાફર અને (૫) વર્ગ-૩ના બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સની પદવી ધરાવતા કર્મચારીઓની તૈયાર કરવામાં આવેલ 'આખરી પ્રવરતાયાદી'ને સિન્ડિકેટે તા.૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી મંજૂર કરેલ છે. અને જી.સી.એસ.આર.ના નિયમાનુસાર પ્રમોશન આપવા ઠરાવેલ છે. જે ઠરાવ સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને ખાલી જગ્યાઓ ઉપર બઢતી આપવા અંગે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૦ સંદર્ભે કુલસચિવની અધ્યક્ષતા હેઠળ નિયુકત પસંદગી સમિતિની સભાની તા.૨૫/૧૧/૨૦૧૪ની ભલામણોનો સ્વીકાર કરી મંજૂરી આપવી.**

૨૯. યુનિવર્સિટીના વિવિધ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના વર્ષ માટે કેન્દ્રિય ધોરણે ઓનલાઈન કમ્પ્યૂટરાઈઝડ પ્રવેશ પ્રક્રિયા અંગે ટેન્ડર ડિઝાઈન કરી ઘટતી કાર્યવાહી કરવા સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ (૧) ઉપરોકત બાબતે સિન્ડિકેટનો તા.૨૬/૮/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ERP Solution ની પ્રક્રિયા ચાલુ હોવાથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી કેન્દ્રિય ધોરણે ઓનલાઈન પ્રવેશો અંગેના ટેન્ડરો ડિઝાઈનની કાર્યવાહી હાલ મુલતવી રાખવી.

(૨) સિન્ડિકેટનો તા.૦૫/૧૨/૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભ્યશ્રીઓ દ્વારા સદર ERP Solution જે યુનિવર્સિટીમાં હોય ત્યાં સત્વરે મુલાકાત કરી તેનો રીપોર્ટ અગામી સિન્ડિકેટમાં રજૂ કરવો.

(વહીવટી )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે સ્નાતક અને અનુસ્નાતકના પ્રવેશો ગતવર્ષની માફક જરૂરીયાત મુજબ સંપૂર્ણ/આંશિક ઓનલાઈન પધ્ધતિથી પ્રવેશ કાર્યવાહી કરવી તથા ગત વર્ષની પાર્ટીને કામ સોંપવું.**

૩૦. બી. ઈ. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા બાબત શ્રી સંજય દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)ની વિનંતી અંગેની તા.૦૪/ ૧૨/ ૨૦૧૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

કાર્યાલય નોંધ :

– પરિપત્ર ક્રમાંક : એકે/પરિપત્ર/ઈજનેરી/૩૨૩૨/૨૦૧૧ તા.૦૮/ ૦૩ /૨૦૧૧ મુજબ જૂન / જુલાઈ – ૨૦૧૪ની પરીક્ષા અંતિમ પ્રયત્ન હતો.

– જો વધુ પ્રયત્ન આપવા અંગેનો નિર્ણય લેવાય તો હાલ ઈજનેરી વિદ્યાશાખા તે હેઠળનાં **Board Of Studies** તેમજ સંલગ્ન કોલેજો અસ્તિત્વમાં ન હોઈ પ્રશ્નપત્રોની તથા પરીક્ષકોની નિમણુંક તથા તેના મૂલ્યાંકનની વ્યવસ્થા અંગે પણ વિચારવાનું થાય.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને એકેડેમિક કાઉન્સિલને રિફર કરવી.**

૩૧. યુનિવર્સિટી પરીક્ષાના મૂલ્યાંકનમાં થયેલ ક્ષતીઓ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને એકેડેમિક કાઉન્સિલને રિફર કરવી.**

૩૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યો તથા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓ એક્ષટર્નલ પરીક્ષાઓના કામમાં યુનિવર્સિટીને સહાયભૂત થતા આવ્યા છે. તાજેતરમાં એમ. ટી. બી. આર્ટસ કોલેજમાં બનેલ દુઃખદ અને હિંસક ઘટનાઓને કારણે અન્ય કોલેજોના આચાર્યો તથા કર્મચારીઓમાં એક પ્રકારની ચિંતા તથા ભય અને નિરાશાની લાગણી પ્રવર્તમાન થઈ છે.

આ સંજોગોમાં યુનિવર્સિટી ધ્વારા એક્ષટર્નલ પરીક્ષાઓના વ્યવસ્થાપન અંગે ઠોસ પગલાં લેવામાં આવે તથા ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ નિવારી શકાય તે માટે જરૂરી વિચારણા કરી યોગ્ય માળખું ઊભું કરવામાં આવે એવી આગ્રહપૂર્વકની વિનંતી અંગેના શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)ના તારીખ.૨૫–૯–૨૦૧૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધઃ સિન્ડિકેટ તા.૦૫/૧૨/૨૦૧૪નાં રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : ૪૧ની અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એક્ષટર્નલ અભ્યાસક્રમોના તમામ પ્રવેશો ઓન લાઈન કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ. વિપીનભાઈ ડી. નાયક** | **(આચાર્યશ્રી, એસ.પી. બી. ઈંગ્લિશ મિડીઅમ કોલેજ ઓફ કોમર્સ, લાલબંગલા નજીક, અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૨) આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી અને આચાર્યશ્રી, નવયુગ સાયન્સ કોલેજ, રાંદેર રોડ, સુરત. )** |
| **(૩)આ. ડૉ. કે. એન. ચાવડા** | **(આચાર્યશ્રી, જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સ્ટે.:ઉત્રાણ, સુરત.)** |

૩૩. તા.૬–૧૨–૨૦૧૪ના પત્રથી ડાહીબેન ગીજુભાઈ પટેલ, વેસુ–ભરથાણા તરફથી મળેલ રૂા.૩,૦૦,૦૦૦/–

ના દાનનો સ્વીકાર કરી તેની નોંધ લઈ આભાર માનવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૬–૧૨–૨૦૧૪ના પત્રથી ડાહીબેન ગીજુભાઈ પટેલ, વેસુ–ભરથાણા તરફથી મળેલ રૂા.૩,૦૦,૦૦૦/–ના દાનનો સહર્ષ સ્વીકાર કરી દાતાશ્રીને આભારપત્ર લખવો.**

૩૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના વહીવટી મકાનની નીચેના કેશ કાઉન્ટરની પશ્ચિમ દિશા તરફ એસેસમેન્ટ ભવનની પાસેના ખુલ્લા પ્લોટમાં શ્રી બીમલભાઈ વાણીયાવાલા તરફથી ગાર્ડન ડેવલપમેન્ટની કામગીરી તેમના ખર્ચે કરી આપવામાં આવનાર છે, જેની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના વહીવટી મકાનની નીચેના કેશ કાઉન્ટરની પશ્ચિમ દિશા તરફ એસેસમેન્ટ ભવનની પાસેના ખુલ્લા પ્લોટમાં શ્રી બીમલભાઈ વાણીયાવાલા તરફથી ગાર્ડન ડેવલપમેન્ટની કામગીરી તેમના ખર્ચે કરી આપવામાં આવનાર છે તેનો સ્વીકાર કરી તેમને આભાર પત્ર લખવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના કેમ્પસમાં જવાનો મુખ્ય દરવાજાને મોટો કરવો.**

૩૫. તા.૨૩, ૨૪ અને ૨૫ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. યુવક મહોત્સવમાં આવનાર વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ, આમંત્રિતો વગેરે માટે ભોજન માટે ભાવપત્રકો મંગાવ્યા હતા. જુદી જુદી છ પાર્ટીઓ પાસેથી ભાવપત્રકો મળ્યા છે, જેનાં તુલનાત્મક પત્રક ઉપર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુવક મહોત્સવમાં આવનાર વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ, આમંત્રિતો વગેરેના ભોજન માટે L1 પાર્ટી ભાનુભાઈ પંડયાને ટેન્ડરની શરતોને આધિન કોન્ટ્રાકટ આપવો.**

## માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

૩૬. એકેડેમિક કાઉન્સિલના તા.૧૩/૦૮/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨ તથા ૫ અને સિન્ડિકેટના તા.૨૬/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : ૪૧ અન્વયે મંજૂર કરેલ બાહ્ય (એક્ષટર્નલ) પરીક્ષાના અભ્યાસક્રમો સેમેસ્ટરને બદલે વાર્ષિક માળખામાં તબદીલ કરવા હોય તે મુજબ વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ એક્ષટર્નલ અભ્યાસક્રમો માટે તૈયાર કરેલ એફ.વાય./એસ.વાય./ટી.વાય બી.કોમ તેમજ એમ.કોમ પાર્ટ–૧ અને એમ.કોમ પાર્ટ–૨ નું એક્ષટર્નલ પ્રોગ્રામ માટેનું સ્ટ્રકચર વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખા વતી મંજૂર કરેલ છે. જે એકેડેમિક કાઉન્સિલ / સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૭. એકેડેમિક કાઉન્સિલના તા.૧૩/૦૮/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨ તથા ૫ અને સિન્ડિકેટના તા.૨૬/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : ૪૧ અન્વયે મંજૂર કરેલ બાહ્ય (એક્ષટર્નલ) પરીક્ષાના અભ્યાસક્રમો સેમેસ્ટરને બદલે વાર્ષિક માળખામાં તબદીલ કરવાના હોય તે મુજબ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખા માટે સ્ટ્રક્ચર તૈયાર કરવાનું હતું, જે અન્વયે વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ એફ.વાય.બી.એ.ના રેગ્યુલર અભ્યાસક્રમના સ્ટ્રકચરમાંથી કેટલાક વિષયો કાઢી નાંખી એફ.વાય.બી.એ. એક્ષટર્નલ પ્રોગ્રામ માટે તેમજ એમ.એ. પાર્ટ–૧ માટે નવું સ્ટ્રકચર તૈયાર કરેલ છે. જે તેમણે વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરેલ છે, પ્રસ્તુત સ્ટ્રકચર એકેડેમિક કાઉન્સિલ / સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૮. આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ તેમના (૧) તા.૦૩–૧૨–૨૦૧૪નાં પત્રાંક SCET/AR/Ext/Out/14/12/202 અન્વયે મોકલેલ સત્ર વ્યવસ્થા તેમજ (૨) સુધારેલ પત્ર (સત્ર વ્યવસ્થા) તા.૨૬/૧૨/૧૪ના પત્રક્રમાંક **: SCET/AR/Ext/Out/14/12/231** અન્વયે મોકલેલ B.ARCH. I to.V/ M.Arch. I and M.Arch. II (even semester)ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટેની સુધારેલ નીચે પ્રમાણે સત્ર વ્યવસ્થા માનનીય કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ વતી મંજૂર કરેલ છે, જે મંજૂર કર્યાની પગલાંની નોંધ લેવા બાબત.

TERM SCHEDULE FOR,
B. ARCH. I to V / M. ARCH. I & II
FOR THE ACADEMIC YEAR 2014 - 2015

| |
|---|
| **Opening of the Term (Even Semester) : 19-01-2015** |
| **Teaching :** 19-01-2015 to 16-05-2015 **(17 Weeks)**<br>**Preparatory Leave :** 18-05-2015 to 29-05-2015 **(2 Weeks)**<br>**University / External Exams :** 30-05-2015 to 20-06-2015 **(3 Weeks)** |
| **Faculty Vacation :**<br>18-05-2015 to 29-05-2015 **(2 Weeks)**<br>22-06-2015 to 04-07-2015 **(2 Weeks)** |
| Opening of the New Semester (Odd Semesters): 06-07-2015 |

(શૈક્ષણિક)

**:: સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

૩૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેનાં " શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટસ" ધ્વારા **B.Arch.** સ્વનિર્ભર અભ્યાસક્રમ અંતર્ગત યુનિવર્સિટી એફ કાર્ટેગેના, સ્પેન સાથે "**International Training Programme**" અંગે કરવામાં આવેલ **MoU** અંતર્ગત આર્કિટેકચર ફેકલ્ટીનાં ડીનશ્રીનાં અભિપ્રાય મુજબ સદર "**International Training Programme**" શરૂ કરવા અંગેનાં મા. કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

(આર્કિટેકચર)

:: **સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લીધી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૪૦. પરીક્ષા કેન્દ્ર પર કોઈ એક પરીક્ષા મોસમમાં લેવાનારી પરીક્ષાઓના સેમેસ્ટરના દરેક તબકકા માટે કુલ નોંધાયેલ સંખ્યાને ધ્યાનમાં લઈને વિદ્યાર્થી દીઠ સર્વગ્રાહી મહેનતાણું ચૂકવવા અંગેની પરીક્ષા વિભાગના પરિપત્રાંકનં. Exam/ A/ 4417/ 2014 Date.24/04/2014માં પરિશિષ્ટમાં કરેલ સુધારા બાબતે સિન્ડિકેટ સભ્યો ડૉ. અપૂર્વ એ. દેસાઈ તથા આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલની મૌખિક દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પરીક્ષા વિભાગના** Revised-CIRCULAR **પરિપત્રાંકનં.** Exam/ A/ 4417/ 2014 Date.24/04/2014**માં કરેલ નીચે મુજબના સુધારા વધારા સાથે** Revised-CIRCULAR**ને પરિશિષ્ટ : " ગ"માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

| | | |
|---|---|---|
| **SR. No. - 15** | The minimum remuneration for each appointment for assessment work shall be Rs.100/- per assignment work (Theory, Practical term work or Oral) for one or more classes at a time. This will be exclusive of chairmanship etc. | 300/- |
| Rules : - <u>Transport allowance to External Examiners:</u> External examiners will be given their travelling allowance as under : | | |

**<u>ને બદલે</u>**

| | | |
|---|---|---|
| **SR. No. - 15** | The minimum remuneration for each appointment for assessment work shall be **<u>Rs.300/-</u>** per assignment/ **<u>Per Examiner</u>** work (Theory, Practical term work or Oral) for one or more classes at a time. This will be exclusive of chairmanship etc. | 300/- |
| Rules : - <u>Transport allowance to External Examiners **(For All Faculties)**:</u> External examiners will be given their travelling allowance as under : | | |

**<u>વાંચનમાં લેવું</u>**

**(પરિશિષ્ટ : " ગ ")**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.** **કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૭૩૧ /૨૦૧૫.
તા. ૪ – ૨–૨૦૧૫.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......**